પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૧૮૭ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૪-૦૪-૨૦૨૨ સોમવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# દક્ષિણ ગુજરાતમાં ખેડૂતોને આઠ કલાક અપાશે વીજળી



ગાંધીનગર,

દક્ષિણ ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી વીજ પુરવઠાને લઈને ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો હતો. વીજ કંપનીઓ દ્વારા આપવામાં આવતા વીજ સપ્લાયના સમયમાં ઘટાડો કરી દેવાયો હતો. તેને કારણે ખેડૂતોની મુશ્કેલીમાં વધારો થયો હતો. દક્ષિણ ગુજરાતમાં ઉનાળુ પાક લેવા માટેની તૈયારી થઈ રહી છે ત્યારે વીજ પુરવઠાના સમયમાં કરવામાં આવેલા ફેરફારથી ખેડૂતોની ચિંતામાં મુકાયો હતો.

બીજી તરફ દક્ષિણ ગુજરાતનો સૌથી મહત્વનો શેરડીના પાક માટે પણ સમસ્યા ઊભી થઈ હતી. ઉર્જા મંત્રાલય દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. દક્ષિણ ગુજરાતમાં ખેડૂતોને આઠ કલાક વીજળી અપાશે. જેથી બે લાખ હેક્ટર વાવેતરમાં મબલક પાક થશે.

ઉર્જા મંત્રી મુકેશ પટેલે જણાવ્યું કે ખેડૂતોને કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન થાય તેના માટે સરકાર હંમેશા મહત્વના નિર્ણય લેતી રહે છે. ખેડૂતોને પુરતા પ્રમાણમાં પાણીનો પુરવઠો તેમજ વીજ પુરવઠો મળી રહે તે અમારી પ્રાથમિકતા છે. છેલ્લા થોડા સમયથી ખેડૂતો દ્વારા રજૂઆત કરવામાં આવી રહી હતી કે વીજ પુરવઠાના સમયમાં વધારો કરવામાં આવે છે. જેને ધ્યાનમાં રાખીને તાકીદે તમામ વીજ કંપનીઓને સૂચના આપી છે કે આઠ કલાક વીજળી ખેડૂતોને આપવામાં આવે. અને આજે સમસ્યા છે તેનો ઉકેલ લાવી લેવાયો છે અને તેના કારણે ઉનાળુ પાક ડાંગર સહિતના અન્ય પાકો તેમજ શેરડીના પાકને કોઈ પણ પ્રકારનું નુકસાન ન થાય તેના માટેની ખાસ તકેદારી રાખવામાં આવી છે. અમારા વિભાગ દ્વારા ખેડૂતોના પ્રશ્નોને ખૂબ જ ગંભીરતાથી લેવામાં આવે છે. ખેડૂતોની જરૂરિયાતોને અને માંગણીઓને પૂર્ણ કરવા માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ખેડૂત અગ્રણી જયેશ પટેલ દ્વારા સરકારના નિર્ણયને લઈને ખુશી વ્યક્ત કરવામાં આવી છે. ઉનાળા દરમિયાન ખેડૂતો માટે વીજ પુરવઠો અને પાણી પુરવઠો યોગ્ય રીતે મળી રહે તે સૌથી મોટી પ્રાથમિક જરૂરિયાત છે. ઉર્જા વિભાગ દ્વારા આ બાબતને ગંભીરતાથી લઈને ખેડૂતોના હિતમાં જે નિર્ણય કર્યો છે. તે ખરેખર આવકાર્ય છે આજથી જ ખેડૂતને છ કલાકને બદલે ૮ કલાક વીજપુરવઠો મળવાનો શરૂ થયો છે. જેથી કરીને ઉનાળુ પાકને ખૂબ જ મોટી રાહત થઈ છે. સમગ્ર દક્ષિણ ગુજરાતના ખેડૂતો દ્વારા આ અંગે રજુઆતો કરવામાં આવી હતી. જેને કારણે વીજ કંપનીઓ દ્વારા તેને ગંભીરતાથી લેવામાં આવી છે અને ખેડૂતોને રાહત થાય તે પ્રકારની વ્યવસ્થા ઊભી કરાઈ છે.

## કેજરીવાલ અને ભગવંત માને શાહીબાગના BAPS સ્વામિનારાયણ મંદિરમાં દર્શન કર્યા



અમદાવાદ,

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનની અમદાવાદની મુલાકાતના આજે બીજા દિવસે સવારે તેઓએ શાહીબાગ બીએપીએસ સ્વામિનારાયણ મંદિરની મુલાકાત લીધી હતી. મંદિરમાં સ્વામિનારાયણ ભગવાનના દર્શન કર્યા હતા. સ્વામિનારાયણ મંદિર પરિસર નિહાળ્યું હતું. બંને નેતાઓની સ્વામિનારાયણ મંદિરમાં મુલાકાતને પગલે ચુસ્ત પોલીસ બંદોબસ્ત મંદિરમાં ગોઠવી દેવામાં આવ્યો હતો. દરેક વ્યક્તિને ચેક કરી અને મંદિરમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. સ્વામિનારાયણ મંદિરમાં ૩૦ મિનિટ સુધી બંને નેતાઓ હાજર રહ્યા હતા. સ્વામિનારાયણ ભગવાનને અભિષેક પણ તેઓએ કર્યો હતો.સ્વામિનારાયણ મંદિરમાં દર્શન કરી તેમણે મંદિરના સ્વામી સાથે મુલાકાત કરી હતી. બાદમાં તેઓ પરત હોટલ જવા રવાના થયા હતા.

ગઈ કાલે બંને નેતાઓએ રોડ શો પહેલાં ખોડિયાર માતાજીના મંદિરમાં દર્શન કર્યા હતાં. આ પ્રસંગે ભગવંત માને કહ્યું કે, ખોડિયાર માતાના આશીર્વાદ લીધા છે. તેમણે કહ્યું હતું કે, અમે લડાઈ લડીએ છીએ તેમાં મા શકિત આપે. તમે મોટી સંખ્યામાં આવ્યા છો. તમારી દેશભક્તિમાં કોઈ કમી નથી. ભીડ અને તિરંગો અરવિંદ કેજરીવાલ માટે નવી વાત નથી. દિલ્હી પંજાબ તો થઈ ગયું. હવે અમારું ગુજરાત' કહેતા જ લોકોએ બુમાબુમ કર્યું હતું.રોડ શો નિકોલ ઉત્તમનગર ખોડિયાર મંદિરથી બાપુનગરબ્રિજ ડાયમંડ ચાર રસ્તા સુધી યોજાયો હતો. બંને નેતાની તિરંગાયાત્રામાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ભાગ લેવા પહોંચ્યા હતા. નિકોલથી ઠક્કરબાપાનગર બ્રિજ સુધીનો રસ્તો બંધ કરી દેવામાં આવ્યો હતો. રોડ શોને પગલે રૂટ પર તેમજ બંને નેતાનાં વાહન સાથે ચુસ્ત પોલીસ-બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ઘણા બધા લોકો રોડ શો જોવા ધાબા-છાપરાં પર ચડી ગયા હતા, જ્યારે સંતરામપુરથી કેટલાક કાર્યકરો વાજિંત્રો સાથે આવી પહોંચ્યા હતા.

અરવિંદ કેજરીવાલ અને ભગવંત માને સાબરમતી ગાંધી આશ્રમની મુલાકાત લીધી હતી. તેમણે ગાંધીજીની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. એ ઉપરાંત તેમણે હૃદયકુંજની પણ મુલાકાત લીધી હતી. દિલ્હીમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ઘર પર હુમલાને પગલે ગુજરાતમાં પણ આવી કોઈ ઘટના ન બને એના માટે તેમની સુરક્ષા વ્યવસ્થામાં પણ વધારો કરવામાં આવ્યો છે.

## ઈમરાન ખાનને મોટી રાહત

## પાકિસ્તાનની નેશનલ અસેંબલીમાં અવિશ્વાસ પ્રસ્તાવ રદ, રાષ્ટ્રપતિએ સંસદ ભંગ કરી



ઈસ્લામાબાદ,

પાકિસ્તાનની નેશનલ અસેંબલીમાંથી ઈમરાન ખાન વિરુદ્ધના અવિશ્વાસ પ્રસ્તાવને ફગાવી દેવામાં આવ્યો છે. અવિશ્વાસ પ્રસ્તાવ રદ થયાં બાદ ઈમરાન ખાને પાકિસ્તાનની જનતાને સંબોધન કર્યું હતું. જેમાં તેમણે રાષ્ટ્રપતિ પાસે સંસદભંગની માગ કરી છે અને વહેલામાં વહેલી તકે દેશમાં ચૂંટણી કરાવાની માગ કરી છે.

જે બાદ રાષ્ટ્રપતિએ સંસદ ભંગ કરી છે, અને આગામી ૯૦ દિવસની અંદર પાકિસ્તાનમાં સામાન્ય ચૂંટણી યોજાશે. પાકિસ્તાનના મંત્રી ફવાદ ચૌધરીએ કહ્યું કે, સંવિધાનના અનુચ્છેદ ૨૨૪ અંતર્ગત પ્રધાનમંત્રી પોતાના કર્તવ્યો ચાલુ રાખશે. મંત્રીમંડળ ભંગ કરવામાં આવ્યું છે.

પાકિસ્તાનની નેશનલ અસેંબલીમાં ઈમરાન ખાન સરકાર વિરુદ્ધ લાવવામાં આવેલા અવિશ્વાસ પ્રસ્તાવને ફગાવી દેવામાં આવ્યો છે. ડેપ્યુટી સ્પિકર કાસિમ ખાન સૂરીએ વિદેશી ષડયંત્રનો આરોપ લગાવીને નેશનલ અસેંબલીમાં ડેપ્યુટી સ્પિકર કાસિમ ખાન સૂરીએ અવિશ્વાસ પ્રસ્તાવને ફગાવી દીધો છે. અને સદનમાં વોટિંગ થવા દીધું નહોતું. તેની સાથે જ પાકિસ્તાનની નેશનલ અસેંબલીની કાર્યવાહી પણ સ્થગિત કરી દેવામા આવી હતી. સંસદની આગામી બેઠક ૨૫ એપ્રિલે આયોજીત કરવામાં આવશે.

પાકિસ્તાનના ગૃહમંત્રી શેખ રશીદે દાવો કર્યો છે. પાકિસ્તાનના પ્રધાનમંત્રી ઈમરાન ખાનની ધરપકડ થઈ શકે છે. શેખ રશીદે કહ્યું કે, મને લાગે છે કે, તે ઈમરાન ખાનને ધરપકડ કરી શકે છે. તેઓ ઈમરાન ખાનને સાંખી નહીં લે. એકસો પંચાવન સભ્યો રાજીનામા આપી શકે છે, જે લોકતંત્ર માટે મોટો ખતરો છે. આ સ્થિતિનું એક માત્ર સમાધાન ચૂંટણી છે. શેખ રશીદે કહ્યું કે, પાકિસ્તાનની એજન્સીઓએ દખલ આપવી જોઈએ અને ચૂંટણીનો રસ્તો સ્પષ્ટ કરવો જોઈએ.

પીએમ ઈમરાન ખાન આજે નેશનલ અસેંબલીમાં અવિશ્વાસ પ્રસ્તાવનો સામનો કરવા તૈયાર થયા છે. આ તમામની વચ્ચે જિલ્લા પ્રશાનસે ઈસ્લામાબાદમાં કલમ ૧૪૪ લાગૂ કરી દીધી છે.

પાકિસ્તાનમાં રાજકીય સંકટ વચ્ચે એક નવો રાજકિય યુદ્ધ છેડાઈ ગયો છે. 'કેપ્ટન પ્લાન બીલ્ડ સફળ થયો છે. રવિવારે નેશનલ એસેમ્બલીમાં ઈમરાન સરકારના મંત્રી ચૌધરી ફવાદ હુસૈને 'પ્લાન બીલ્ડ અજમાવ્યો અને વિપક્ષ થોડી જ ક્ષણોમાં ભોંયતળીયે થઈ ગયો.

નેશનલ એસેમ્બલીમાં ફવાદ હુસૈને કહ્યું કે અવિશ્વાસ પ્રસ્તાવ સામાન્ય રીતે લોકતાંત્રિક અધિકાર છે. બંધારણની કલમ ૯૫ હેઠળ અવિશ્વાસની દરખાસ્ત દાખલ કરવામાં આવી છે, પરંતુ કમનસીબે તે વિદેશી સરકાર દ્વારા સત્તા પરિવર્તન માટે અસરકારક કામગીરી છે. તેમના સંબોધનની ક્ષણો પછી, નેશનલ એસેમ્બલીના ડેપ્યુટી સ્પીકર, કાસિમ ખાન સુરીએ, અવિશ્વાસ પ્રસ્તાવને નકારી કાઢ્યો અને કાર્યવાહી સ્થગિત કરી દીધી. ડેપ્યુટી સ્પીકરે વિદેશી ષડયંત્રનો આરોપ લગાવતા અવિશ્વાસ પ્રસ્તાવને ફગાવી દીધો હતો. સાથે જ કહ્યું કે તે ગેરબંધારણીય છે.

ભૂતકાળમાં ઈમરાન ખાન સરકારમાં માહિતી અને પ્રસારણ મંત્રી ફવાદ ચૌધરીએ સનસનાટીભર્યો દાવો કર્યો હતો કે પીએમ ઈમરાન ખાનની હત્યા થઈ શકે છે અને સુરક્ષા એજન્સીઓને તેના ષડયંત્રની માહિતી મળી છે. આવા અહેવાલો મળ્યા બાદ ઈમરાન ખાનની સુરક્ષા વધારી દેવામાં આવી હતી. આ પહેલા પીટીઆઈ નેતા ફૈઝલ વાવડાએ પણ આવો જ દાવો કર્યો હતો.

એક ઈન્ટરવ્યુમાં ઈમરાન ખાને કહ્યું હતું કે તેમની પાસે એક કરતા વધારે પ્લાન છે. તેઓ કહે છે કે કોઈએ ચિંતા કરવાની જરૂર નથી. એક કેપ્ટન હંમેશા એક કરતા વધુ પ્લાન ધરાવે છે. મારી પાસે પણ એક પ્લાન છે. જો અલ્લાહ ચાહે તો આપણે જીતવાના છીએ. હું ગૃહમાં તેમના પ્રસ્તાવને હરાવીશ, પરંતુ ઈમરાને તેમની યોજના જાહેર કરી નથી. જોકે, અવિશ્વાસ પ્રસ્તાવ ફગાવી દેવાયા બાદ ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે કે આ ઈમરાનનો ગુપ્ત પ્લાન હતો.

આ સમગ્ર ઘટના બાદ પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને કહ્યું કે મેં રાષ્ટ્રપતિને વિધાનસભા ભંગ કરવાની સલાહ મોકલી છે. ચૂંટણીઓ થવી જોઈએ અને લોકો નક્કી કરે કે તેઓ કોને ઈચ્છે છે. બહારથી કોઈ કાવતરું ન થવા દો અને આવા ભ્રષ્ટ લોકો આ દેશનું ભાવિ નક્કી કરે. હું આજે મારા સમુદાયને કહું છું કે તમે ચૂંટણીની તૈયારી કરો, દેશમાંથી જે મોટું ષડયંત્ર કરવામાં આવી રહ્યું હતું તે આજે નિષ્ફળ ગયું છે.

વિપક્ષે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો. સુપ્રીમ કોર્ટે વિપક્ષની અરજી પર સુનાવણી માટે વિશેષ બેંચની રચના કરી છે. આવી સ્થિતિમાં એમ કહી શકાય કે પાકિસ્તાનમાં રાજકીય ઉથલપાથલ ચાલુ છે.

## અમદાવાદની હવામાં ઝેર! પ્રદૂષણમાં મુંબઈ, દિલ્હીને અમદાવાદે છોડ્યું પાછળ, એર ક્વોલિટી ઈન્ડેક્સ ૩૧૧ પર પહોંચ્યો

અમદાવાદ,

ગુજરાત રાજ્યના શહેરોમાં દિવસેને દિવસે પ્રદૂષણનું પ્રમાણ વધી રહ્યું છે. રાજ્યના મોટા શહેરોમાંના ખાસ કરીને અમદાવાદ શહેર પ્રદૂષણમાં પ્રથમ આવે છે. અમદાવાદનો એર ક્વોલિટી ઈન્ડેક્ષ ૩૧૧એ પહોંચી ગયો છે. અમદાવાદમાં વધી રહેલા વાહનોની સંખ્યા અને ફેક્ટરીઓના ફાટી નીકળેલા રાફડાને કારણે પ્રદૂષણના પ્રમાણમાં સતત વધારો થઈ રહ્યો છે. હવામાં ઉડતી ધૂળ અને ધૂમાડાના કારણે હવા બિન આરોગ્યપ્રદ બની રહી છે.

અમદાવાદની હવા ઝેરીલી બની ગઈ છે. પ્રદૂષણમાં મુંબઈ અને દિલ્લીને પણ અમદાવાદે પાછળ છોડી દીધું છે. અમદાવાદનો એર ક્વોલિટી ઈન્ડેક્સ હવે ૩૧૧ પર પહોંચી ગયો છે. અમદાવાદની સરખામણીએ દિલ્લીમાં ૨૦૪ અને મુંબઈમાં ૨૯૭ એર ક્વોલિટી ઈન્ડેક્સ નોંધાયો હતો. પૂર્વ વિસ્તારમાં આવેલા કેમિકલ ઉદ્યોગોનો કારણે પ્રદૂષણના પ્રમાણમાં સતત વધારો થઈ રહ્યો છે.

હાલમાં, પૂર્વ વિસ્તારની સાથે સાથે પશ્ચિમ વિસ્તારમાં પણ પ્રદૂષણ વધુ જોવા મળી રહ્યું છે. અમદાવાદનો સરેરાશ ઈન્ડેક્સ ૩૧૧ નોંધાયો છે. જે ખૂબ વધુ કહી શકાય. અમદાવાદના વિવિધ વિસ્તારોની વાત કરીએ તો પીરાણામાં એક્યુઆઈ ૨૭૫, નવરંગપુરામાં ૩૦૭, રાયખડમાં ૩૨૦, ચાંદખેડામાં ૧૮૧, બોપલમાં ૩૧૩, સેટેલાઈટમાં ૨૦૨, એરપોર્ટમાં ૨૮૭ અને લેકવાડમાં ૩૪૫ એર ક્વોલિટી ઈન્ડેક્સ નોંધાયો હતો.

એર ક્વોલિટી ઈન્ડેક્સની વેબસાઈટના આંકડા પ્રમાણે અમદાવાદ શહેરની હવામાં પ્રદૂષણ ખૂબ વધ્યું છે. આ આંક ૧૦૦ની આસપાસ હોય તો એ હવા પ્રમાણમાં સારી ગણાય. જ્યારે ૫૦ની નીચે રહે તો તે ઉત્તમ ગણાય. એર ક્વોલિટી ઈન્ડેક્સની વેબસાઈટ પ્રમાણે અમદાવાદનો એર ક્વોલિટી ઈન્ડેક્સ હાલમાં ૩૧૧ પર પહોંચી ગયો છે. એટલે કે અમદાવાદની હવા ઝેરી બનતી જઈ રહી છે.

## મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેનથી મહારાષ્ટ્રને કોઈ ફાયદો નહીં થાય: CM

મુંબઈ,

કેન્દ્ર સરકાર મુંબઈ-અમદાવાદ વચ્ચેની બુલેટ ટ્રેન માટે આગ્રહી છે. પણ દેશની પ્રથમ બુલેટ ટ્રેન શરૂ કરવી હતી તો મુંબઈ-અમદાવાદને બદલે મુંબઈ-નાગપુર વચ્ચેની કરવી જોઈતી હતી. જેથી કરીને રાજ્યની રાજધાની અને ઉપરાજધાની સાથે જોડાત. તેનો ફાયદો મહારાષ્ટ્રને થયો હોત. મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન રાજ્ય માટે ફાયદાકરક નથી. એમ કરીને રાજ્યના મુખ્યપ્રધાન ઉધ્ધવ ઠાકરેએ કેન્દ્ર સામે નિશાન તાક્યું હતું. આજે મેટ્રો ટ્રેનના પ્રોજેક્ટના ઉદઘાટન પ્રસંગે ઉપરોક્ત નિવેદન કર્યું હતું. મુખ્યપ્રધાન ઉધ્ધવ ઠાકરેએ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અને મેટ્રો કાર શેડનો મુદ્દા પર કેન્દ્રની ભાજપ સરકારને ચાબખા માર્યા હતા. મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન માટે કેન્દ્ર સરકાર આગ્રહી છે. આ માટે કેન્દ્ર સરકાર મુંબઈની બાંદરા- કુર્લા કોમ્પ્લેક્સના પરિસરની લાખો કિંમતની જમીન માંગી રહી છે. આ જગા અમે આંતરરાષ્ટ્રીય નાણાકેન્દ્ર માટે રાખી મૂકી હતી. કેન્દ્ર સરકાર આ જમીન લેતી હોય તો મુંબઈના મેટ્રો પ્રોજેક્ટના કાર શેડ માટે કાંજૂરમાર્ગ ખુલી પડેલી જમીન આપતી નથી, એમ કહીને મુખ્યપ્રધાન ઠાકરે કેન્દ્ર સરકારની સામે નિશાન તાક્યું હતું. મુંબઈ પ્રત્યે કેન્દ્ર સરકારને પ્રેમ છે તો આ જમીન કારશેડ માટે કેમ આપતી? આ જગા મળે તો ભવિષ્ય મેટ્રોનો વિસ્તાર અંબરનાથ સુધી કરી શકાશે. આ સિવાય પમ્પિંગ સ્ટેશન અને ધારાવીમાં પુનર્વિકાસ માટે રાજ્ય સરકાર જગા માંગે છે. પણ તે જમીન કેન્દ્ર સરકાર આપતી નથી. આવા અનેક પ્રશ્નોની જડી ઉધ્ધવ ઠાકરેએ વરસાવી હતી. તદઉપરાંત જી.એસ.ટી. સહિત વિવિધ મુદ્દા પર કેન્દ્ર સરકારે મુખ્યપ્રધાને આડે હાથ લીધી હતી. દરમિયાન ગુડી પાડવાના શુભ દિને આજે મુંબઈગરાને રાજ્યના મુખ્યપ્રધાન ઉધ્ધવ ઠાકરેએ મરાઠી ભવનનું ઉદઘાટન તેમજ લીલી ઝંડી આપીને મેટ્રો- ૭ અને મેટ્રો ૨ એનું પ્રથમ તબક્કાનું લોકાર્પણ કર્યું હતું. આથી આજથી કાંદિવલી દહાણુકરવાડીથી ગોરેગામ પૂર્વ આરે કોલોની સુધી બન્ને રૂટ પર મેટ્રો સેવા શરૂ કરાઈ છે. આ બન્ને મેટ્રો શરૂ થતાં ટ્રાફિકમાં થોડીક રાહત મળશે. આ ઉદઘાટનના કાર્યક્રમમાં નાયબ મુખ્યપ્રધાન અજીત પવાર, પ્રધાન આદિત્ય ઠાકરે, પ્રધાન એકનાથ શિંદે, મેયર કિશોરી પેડણેકર, પ્રધાન અસલમ શેખ વિધાનસભ્ય સુનીલ પ્રભુ સહિત અનેક મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા.

## પેટ્રોલ બાદ હવે ડીઝલે પણ 'સદી' લગાવી : આંધ્રપ્રદેશના ચિત્તૂરમાં ભાવ રૂ.૧૦૫.૫૨

ચિત્તુર,

દેશમાં રવિવારે લગભગ બે અઠવાડિયામાં ૧૧મી વખત વાહનોના ઈંધણના ભાવમાં વધારો કરવામાં આવ્યો હતો. આ સાથે દેશના તમામ મોટા શહેરોમાં પેટ્રોલ ૧૦૦ રૂપિયા પ્રતિ લિટરને પાર પહોંચી ગયું છે. જ્યારે ડીઝલ પણ કેટલીક જગ્યાએ 'સદી'ને પાર કરી ગયુંછે. રવિવારે પેટ્રોલ અને ડીઝલ બંનેના ભાવમાં પ્રતિ લિટર ૮૦-૮૦ પૈસા જેટલો વધારો કરવામાં આવ્યો છે. પેટ્રોલિયમ કંપનીઓના પ્રાઈસ નોટિફિકેશન મુજબ, રાજધાનીમાં પેટ્રોલની કિંમત હવે ૧૦૨.૬૧ રૂપિયા પ્રતિ લિટરથી વધીને ૧૦૩.૪૧ રૂપિયા પ્રતિ લિટર થઈ ગઈ છે. જ્યારે ડીઝલની કિંમત ૯૩.૮૭ રૂપિયાથી વધીને ૯૪.૬૭ રૂપિયા પ્રતિ લિટર થઈ ગઈ છે. દેશભરમાં સ્થાનિક ટેક્સના કારણે ઈંધણના ભાવોમાં ફેરફાર હોય છે. ૨૨ માર્ચ પછી વાહનના ઈંધણના ભાવમાં આ ૧૧મો વધારો છે. અગાઉ, લગભગ સાડા ચાર મહિના સુધી વાહનના ઈંધણના ભાવમાં વધારો કરવામાં આવ્યો ન હતો. એકંદરે, આ દરમિયાન પેટ્રોલ રૂ. ૮ પ્રતિ લિટર મોંઘું થયું છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ, તેલંગાણા અને આંધ્રપ્રદેશમાં ડીઝલ સદીને વટાવી ગયું છે. ચેન્નઈ અને ભોપાલમાં ડીઝલ ૯૯ રૂપિયા પ્રતિ લીટરને વટાવી ગયું છે. આંધ્રપ્રદેશના ચિત્તૂરમાં ડીઝલ સૌથી મોંઘુ એટલે કે ૧૦૫.૫૨ રૂપિયા પ્રતિ લીટર પર પહોંચી ગયું છે. તે જ સમયે રાજસ્થાનના શ્રી ગંગાનગરમાં પેટ્રોલની કિંમત સૌથી વધુ એટલે કે ૧૨૦.૬૫ રૂપિયા પ્રતિ લિટર છે.

## માર્ચમાં દેશમાં ગરમીએ ૧૨૧ વર્ષનો રેકોર્ડ તોડ્યો, ગુજરાતમાં એપ્રિલ-મે કાઢવા આકરા બની રહેશે

નવીદિલ્હી,

ભારતમાં આ વર્ષે રેકોર્ડ બ્રેક ગરમી જોવા મળી રહી છે. ૧૯૦૧ બાદ પ્રથમ વખત માર્ચ મહિનામાં દેશના અનેક શહેરોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચ્યો છે.આઈએમડીએ લોકોને એલર્ટ કર્યા છે કે, દેશના ૯ રાજ્યોમાં હીટ વેવની સંભાવના છે. માર્ચ ૧૯૦૧માં સરેરાશ તાપમાન ૩૨.૫ સેલ્સિયસ હતું. પરંતુ આ વર્ષે માર્ચમાં સૌથી વધુ તાપમાન ઉત્તર-પશ્ચિમ અને મધ્ય ભારતમાં નોંધાયું હતું. જેમાં રાજધાની દિલ્હીમાં સરેરાશ તાપમાન ૩૬.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. તો ગુજરાતમાં તાપમાનનો પારો ૪૦ ડિર્ગીની આસપાસ પહોંચી ગયો છે. એટલું જ નહીં પણ એપ્રિલમાં પણ અગવર્ષા યથાવત રહેવાની આગાહી કરવામાં આવી છે.

આગામી થોડા દિવસોમાં મધ્ય પ્રદેશ, રાજસ્થાન, પૂર્વ યુપી, છત્તીસગઢ, હરિયાણા, દિલ્હી, ગુજરાત, ઝારખંડ અને વિદર્ભ પ્રદેશમાં હીટવેવ આવી શકે છે. રાજધાની દિલ્હીમાં ૪ થી ૮ એપ્રિલની વચ્ચે તાપમાન ૪૦ થી ૪૧ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાની સંભાવના છે. સ્ડ એ ૯ રાજ્યોમાં એલર્ટ જાહેર કર્યુ છે. સાથે જ લોકોને સાવચેતી રાખવા જણાવ્યુ છે. હાલમાં સમગ્ર ગુજરાતમાં ગરમીની આગાહી કરવામાં આવી છે અને ઉનાળાના આરંભથી જ ૪૦ ડિગ્રી જેવી ગરમી વરસવા લાગી છે. સૂર્ય રીતસરના આગના ગોળા વરસાવી રહ્યો હોય તેવી સ્થિતિ છે. ગુજરાતના લગભગ દરેક શહેરોમાં ગરમી પ્રસરી ગઈ છે.

## છોટાઉદેપુર જિલ્લામાં ખનીજ માફિયાઓનું બેફામ ખનન, ઓરસંગ નદીમાં રહેલો રેતીનો પટ ખાલીખમ્મ

છોટાઉદેપુર,

છોટાઉદેપુર જિલ્લામાં અતિ કીમતી કહી શકાય તેવો ખનીજનો ભંડાર કુદરતે આપ્યો છે. પરંતુ ખનીજ માફિયાઓ જે રીતે બેફામ ખનન કરી રહ્યા છે તે જોતાં લાગી રહ્યું છે કે આવનારા સમયમાં અતિ કીમતી ખનીજનું નામો નિશાન નહીં રહે.

છોટાઉદેપુર જિલ્લામાં સાત જેટલી અલગ અલગ ખાણો આવેલ છે. ડોલોમાઈટની ૬૭ , માર્બલની ૧ ગ્રેનાઈટની ૫? બ્લેક ટ્રેપની ૯ ગ્રેવલ ની ૨ ઓર્ડિનરી સેન્ડની ૩૧૩ લીજો આવેલ છે. જેમાં ખાસ કરીને છોટાઉદેપુર જિલ્લામાંથી પસાર થતી ઓરસંગ નદીની રેતી કે જે સફેદ સોનું ગણાય છે. તે રેતીમાં સિલિકોન નામનું એક તત્વ રહેલ છે. જેની ગુણવત્તાને લઈ પૂરા દેશમાં તેની માંગ ઉઠી છે. દિવસ અને રાત રેત માફિયાઓ દ્વારા સતત રેતીનું ખનન થઈ રહ્યું છે. જેન લઈ નદીમાં રેતીથી ભરેલ તટ ખાલી થઈ રહ્યો છે. પણ તેની પર રોક લગાવવામાં નથી આવી રહી.

મધ્ય પ્રદેશના ભાભરાથી નીકળી ગુજરાતના ચણોદ નજીકથી પસાર થતી નર્મદા નદીમાં ઓરસંગ નદી ભળે છે. છોટાઉદેપુરથી ચણોદ સુધીનો લગભગ ૧૦૦ કિમીનો પટ છે. આ ઓરસંગ નદીની રેતી જે રીતે રેતી ઉલેચાઈ રહી છે તે એક ગંભીર બાબત લોકો ગણાવી રહ્યા છે. છોટાઉદેપુર નજીકથી પસાર થતી ઓરસંગ નદીનો પટ હવે ખાલી થવાના આરે આવીને ઉભો છે. છોટાઉદેપુરના એક વિસ્તારમાં તો ફક્ત રેતીની જગ્યાએ બસ હવે પથ્થરો જ રહી ગયા છે . જ્યાં રેતીનું નામો નિશાન નથી રહ્યું.

છોટાઉદેપુર વિસ્તારની ભૌગોલિક સ્થિતીની જો વાત કરીએ તો ચોમાસા બાદ પાણીના સ્તર નીચે જતાં રહેતા હોય છે . વર્ષો પહેલા ઓરસંગ નદીમાં રેતીનો ભરાવો રહેતો હતો. ત્યારે પાણીના જળસ્તર જળવાઈ રહેતા હતા. હવે જ્યારે રેતી જ નથી રહી ત્યારે પાણી માટેની મુશ્કેલી ઊભી થઈ રહી છે. જેને લઈ છોટાઉદેપુર નગર પાલિકા દ્વારા જળસ્તર ટકી રહે તે માટે નિર્થક કહી શકાય તેવા પ્રયાસો હાથ ધરાયા છે. નગર નજીક પસાર થતી ઓરસંગ નદીના પટમાં આડ ડેમ અઢી કરોડના ખર્ચે હાલમાં બનાવવામાં આવ્યો. પણ તેમાં પણ આજે પથ્થરો જોવાઈ રહ્યા છે. નગર પાલિકાના સભ્ય પણ જણાવી રહ્યા છે કે વારંવાર તંત્રમાં રેતી ખનન પર રોક લગાવવામાં આવે તેવી રજૂઆતો સરકારમાં કરી છે.

પાવીજેતપુર તાલુકામાંથી પસાર થતી ઓરસંગ નદીમાં એક સમયે રેતીના પટમાં તરબૂચ , શક્કરટેટી , કાકડી , કારેલાં જેવી ખેતી કરવામાં આવતી હતી. પણ આજે એ સ્થિતી થઈ છે કે જે જગ્યાએ આ ખેતી કરવામાં આવતી હતી. તે જગ્યાએ ખાણ માફિયાઓ દ્વારા ઊંડા ઊંડા ખાડા કરી દીધા છે. જે રીતે ખેતી થતી હતી. તેને લઈ પંચાયતને એક આવક મળતી હતી. હવે ખાણ ખનિજ વિભાગમાં રોયલ્ટી રેતી ઉલેચનારા આપી રહ્યા છે. તો બીજી બાજુ પંચાયતમાં રેતી કંકણની ગ્રાન્ટ મળતી હોય ગ્રામ પંચાયતના સરપંચ કંઈ બોલવા તૈયાર નથી. ખાણ ખનીજ દ્વારા માહિતી લેવામાં આવી. જેમાં ત્રણ વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં માઈનોર મિનિરલના જે છ સ્ત્રોત છે તેમાંથી ૯૦ કરોડની રોયલ્ટી ખાણ ખનીજને મળી હોવાની જાણકારી મળી. જેમાં સૌથી વધુ ઓરસંગ નદીની રેતીની આવક હોવાનું જાણવા મળ્યું. જોકે અધિકારી કેમેરા સામે કોઈ વિગત આપવા તૈયાર નથી.

## મોદીએ રમઝાન માસની શુભેચ્છા આપી, પવિત્ર મહિનામાં ગરીબોની સેવા કરવા માટે લોકોને પ્રેરણા આપે

નવીદિલ્હી,

મુસ્લિમોનો પવિત્ર રમઝાન માસ શરૂ થઈ ગયો છે. રવિવારે એટલે કે આજે પહેલો ઉપવાસ (રોજા) છે.શનિવારે એક દિવસ પહેલા ચંદ્ર દેખાયો હતો. રમઝાન દેખાયા બાદ લોકો એકબીજાને શુભકામનાઓ પાઠવી રહ્યા છે. વડાપ્રધાન મોદીએ પણ લોકોને પવિત્ર રમઝાન માસની શુભેચ્છા પાઠવી છે. પીએમ મોદીએ ઈચ્છા વ્યક્ત કરી છે કે સમાજના લોકોને શાંતિ, સૌહાર્દ અને કરુણાની ભાવના વિકસાવવાની શક્તિ મળે. ૨ એપ્રિલે ચાંદના દર્શન થયા બાદ મુસ્લિમ સમુદાયના લોકોએ ૩ એપ્રિલથી રોજા શરૂ કરી દીધા છે. શુભકામનાઓ આપતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આ પવિત્ર મહિનામાં લોકોને ગરીબોની સેવા કરવા માટે પ્રેરણા આપવાની શક્તિ મળવી જોઈએ.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટ કરીને કહ્યું કે, પવિત્ર રમઝાન મહિનાની શરૂઆત પર ખૂબ ખૂબ અભિનંદન. રમઝાનનો આ મહિનો લોકોને ગરીબોની સેવા કરવાની પ્રેરણા આપે. તેમજ, આ પવિત્ર માસ આપણા સમાજમાં શાંતિ, સંવાદિતા અને કરુણાની ભાવના કેળવે.

રમઝાન વિશ્વભરમાં મુસ્લિમો દ્વારા ઉપવાસ, પ્રાર્થના અને પ્રતિબિંબના મહિના તરીકે ઉજવવામાં આવે છે. દેશમાં ૨ એપ્રિલે ચાંદના દર્શન થયા બાદ હવે મુસ્લિમ સમુદાયના લોકો ૩ એપ્રિલ રવિવારથી રોજા રાખી રહ્યા છે. રમઝાન વિશે, એવું માનવામાં આવે છે કે રમઝાનના પવિત્ર મહિનામાં, પયગંબર મુહમ્મદને અલ્લાહ તરફથી કુરાનની પ્રથમ આયતો મળી હતી. આ પવિત્ર દિવસોમાં ઉપવાસ રાખવામાં આવે છે. આખો દિવસ ભૂખ્યા અને તરસ્યા રહીને ભગવાનની પૂજા કરવામાં આવે છે અને જરૂરિયાતમંદ લોકોની સેવા કરવામાં આવે છે. ૩ એપ્રિલથી શરૂ થનાર રમઝાન ૧ મેના રોજ ઈદ સાથે સમાપ્ત થશે. પરંતુ તેની તારીખ ચંદ્રના દર્શન પછી જ નક્કી થાય છે.

ઈસ્લામિક માન્યતાઓ અનુસાર, રમઝાન મહિનામાં, સૂરજ ઉગતા પહેલા ભોજન લેવામાં આવે છે. તે સહરી તરીકે ઓળખાય છે. સેહરીનો સમય અગાઉથી નક્કી કરવામાં આવે છે. આ પછી દિવસભર ભૂખ્યા-તરસ્યા રહીને અલ્લાહની ઈબાદત કરવામાં આવે છે. સાંજે નિર્ધારીત સમયે રોજો ખોલવામાં આવે છે તેને ઈફતાર કહેવામાં આવે છે.

# સંતરામપુર તાલુકાના જાનવડ ગામે નલ સે જલ યોજના અંતર્ગત લોકોને ઘરે-ઘરે પાણી મળી રહે તે માટે ખાતમૂર્હત કરાયું


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, જાનવડ ગામે એક કરોડના ખર્ચે તૈયાર થનારી નલ સે જલ યોજના માટે ખાતમૂર્હત કરાયું. સાથે ૧૪ લાખના ખર્ચે નિમાર્ણ પામેલ રાયણીયા ગ્રામ પંચાયતનું પણ લોકોર્પણ કરાયુ.

મહિસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના જાનવડ ગામે એક કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનાર નળ સે જળ યોજનાનું આજરોજ ગુજરાત સરકારના મંત્રી કુંબેરભાઈ ડીંડોર, દાહોદ જીલ્લાના સાસંદ જસવંતસિહ ભાભોરના હસ્તે ખાતમૂર્હત કરવામાં આવ્યું હતું. સાથે ૧૪ લાખના ખર્ચે નવિન તૈયાર થયેલ રાયણીયા ગ્રામ પંચાયતની પણ રીબીન કાપી ગ્રામ પંચાયત લોકો માટે ખુલ્લી મુકવામાં આવી હતી. આ પ્રસંગે મહિસાગ જીલ્લા પંચાયતના પ્રમુખ રમીલાબેન ડામોર, બાધકામ સમીતીના ચેરમેન પ્રકાશભાઈ કટારા, ગુજરાત શિક્ષક સંઘના સભ્ય જય પ્રકાશભાઈ પટેલ, પશ્ચિમ રેલ્વેના સભ્ય રીતેષભાઈ પટેલ, યુવા નેતા સચિનભાઈ શાહ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે દાહોદના સાસંદ જસવંતસિહ ભાભોરે લોકોને સંબોધીને જણાવ્યું હતું. લોકો ને ઘરે ઘર નળ મારફતે પાણી મળી રહે ૨૦૨૨ સુધી દરેક ઘરે પાણી પહોચે મોદીનું સ્વપ્ન સાકાર થાય તે માટે યોજનાનું ખાતમૂર્હત કર્યુ હોવાનું જણાવી લોકોના પડખે ઉભા હોવાની ખાતરી આપી ૨૦ તારીખના રોજ દાહોદ પધારનાર દેશના વડા પ્રધાનન મોદીના કાર્યક્રમમાં સૌને આવવા હાર્દીક આંમત્રણ પાઠવ્યું હતું. મંત્રી કુંબેરભાઈ ડીંડોરે લોકોને સંબોધી જણાવ્યું હતું. પાણીની સમસ્યા ભુતકાળ બને તે માટે દિવસ રાત મહેનત કામકરી રહ્યા હોવાનું જણાવી તાલુકાનો વિકાસ થાય શિક્ષણનું સ્તર વધે તેમજ લોકો પાણીની બચત સંગ્રહ કરે એ માટે વિનંતી કરી હતી. આવનાર પેઢીને સુરક્ષિત કરવાનું કહ્યું હતું.

# વિરપુરના આસુંદરીયા ગામે ૨૩ લાખના ખર્ચે નલ સે જલ યોજનાની પાઈપલાઈન છતાં પાણી માટે જનતાને વલખા

વિરપુર, વિરપુરના આસુંદરીયા ગામે પીવાના પાણી માટે ગ્રામજનો વલખા મારી રહ્યા છે. આ અંગે મળતી માહિતી મુજબ ગામમાં રૂ.૨૩ લાખના ખર્ચે નલ સે જલ યોજના અંતર્ગત પાઈપલાઈન નાંખી છે પરંતુ પાણી પુરવઠા વિભાગ દ્વારા પાણી ન અપાતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

વિરપુર તાલુકાના ઘણા ગામોમાં ઉનાળાની શરૂઆતમાં જ પીવાના પાણીનો વિકટ પ્રશ્ન ઉભો થયો છે. પાણીના સ્તર નીચે ઉતરી ગયા છે. કુવા અને બોર જેમાં આસુંદરીયા ગામે ગ્રામજનોને પીવાનુ પાણી મળી રહેતુ હતુ તે પણ હવે મળવુ મુશ્કેલ છે. પડ્યા પર પાટુ માર્યુ હોય તેમ પાણી પુરવઠા ખાતાને ઘણી રજુઆતો કરવા છતા નળ સે જળ યોજના અંતર્ગત પાણી આપવામાં આવ્યુ નથી. વિરપુર તાલુકાના આસુંદરીયા ગામ ખાતે તા.૨૩ લાખના ખર્ચે નલ સે જલ યોજના અંતર્ગત ૮ કિ.મી.પાઈપલાઈન કરી ૩૨પથી પણ વધારે નળ કનેકશનો આપી કોન્ટ્રાકટર દ્વારા સ્થાનિક બોરમાંથી પાણી આપી ટેસ્ટિંગ કરવામાં આવ્યુ છે. ત્યારે ગ્રામજનોના જણાવ્યા પ્રમાણે ગામમાં કામ કરનાર એજન્સીએ ટુંક સમયમાં જ નલ સે જલ યોજનાનુ કામ પુર્ણ કર્યુ છે. પણ પાડાના વાંકે પખાલીને ડામ કહેવત ચરિતાર્થ કરતુ પાણી પુરવઠા ખાતુ નલ સે જલ યોજના અંતર્ગત પાણી આપવામાં વિલંબ કરી રહ્યુ હોવાથી ખુબ જ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ અંગે પુછતા પાણી પુરવઠાના ડે.એન્જિનિયર હનીફ શેખ દ્વારા જણાવવામાં આવ્યુ છે કે, સંપમાં જોડાણ કરી દેવા માટે બધો જ માલસામાન આસુંદરીયા ગામ ખાતે મોકલાવી દેવાયો છે.જેથી આગામી સમયમાં પાણીની કોઈ મુશ્કેલી જોવા મળશે નહિ.

# ફતેપુરા તાલુકાના લખણપુરમાં ઝાલોદ સંતરામપુર હાઈવે માર્ગ ઉપર બે વાહનો વચ્ચે અકસ્માત સર્જાયો : ૫ ને ઈજા


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા, ફતેપુરા તાલુકામાં વાહન ચાલકોની બેદરકારીના લીધે દિન–પ્રતિદિન વાહન અકસ્માતોનો સીલસીલો વધી રહ્યો છે. એક અકસ્માત બનાવવાની શાહી જ્યાં સૂકાતી નથી ત્યાં જ સુખસર વિસ્તારમાં બીજો અકસ્માત બનાવ પ્રકાશમાં આવી જાય છે. જેમાં આજરોજ લખણપુર ગામે હાઈવે માર્ગ ઉપર ઈકોગાડી તથા બલેનો કાર વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં બે મહિલાઓ સહિત ત્રણ પુરૂષોને ઈજાઓ પહોંચવા પામી છે. જો કે જાનહાનિ નહીં થતા હાશકારો થયો છે. ઈજાગ્રસ્તોને સુખસર સરકારી દવાખાનામાં સારવાર આપવામાં આવી હતી. ત્યાંથી વધુ સારવાર માટે ખાનગી દવાખાનાઓમાં રીફર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના લખણપુર ગામે આજરોજ બપોર બાદ ઝાલોદ થી સંતરામપુર જતા હાઈવે માર્ગ ઉપર ઈકોગાડી તથા બલેનો કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો અને બંને ગાડીઓ વચ્ચે અકસ્માત સર્જાતા રસ્તાની સાઈડમાં ઉતરી ગઈ હતી. જેમાં રાયસીંગભાઈ નાનજીભાઈ કિશોરી ઉંમર વર્ષ ૫૬ રહે. રૂપાખેડાનાઓને જમણા પગે તથા કપાળના ભાગે ઈજાઓ પહોંચવા પામી હતી. તથા સરલાબેન કિશોરી રહે. રૂપાખેડા ઉંમર વર્ષ ૫૦ નાઓને કપાળમાં ડાબી બાજુ ઈજાઓ થઈ હતી. જ્યારે જેનીસભાઈ વિજયભાઈ પારગી ઉંમર વર્ષ ૨૫ રહે.ડુંગરનાઓ ને પણ કપાળના ભાગે ઈજાઓ થવા પામી હતી. તેમજ ઈશ્વરભાઈ નીનામા ઉંમર વર્ષ ૩૩ રહે. શામળાજી ને જમણા પગે ફ્રેક્ચર થવા પામ્યું હોવાનું જાણવા મળે છે. જ્યારે સુમિત્રાબેન ખરાડી રહે.શામળાજી ઉંમર વર્ષ ૫૦ નાઓને જમણા પગે ઈજાઓ પહોંચવા પામી હોવાનું જાણવા મળે છે. આ બંને ગાડીઓ વચ્ચે અકસ્માત થતા બંને ગાડીઓ રસ્તાની સાઈડમાં ઉતરી પડી હતી અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સુખસર સરકારી દવાખાનામાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા લાવવામાં આવ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર બાદ વધુ ઈજાગ્રસ્તોને અન્ય ખાનગી દવાખાનાઓમાં રીફર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

# દાહોદની મહિલા દ્વારા ૧૨ થી વધુ વ્યક્તિઓને ઈરાક કરબલા દરગાહ લઈ જવાની લાલચ આપી ૧૨.૭૩ લાખ લઈ ફરાર થઈ જતાં ફરિયાદ

દાહોદ, દાહોદ શહેરમાં ચકચારી બનાવ સામે આવ્યો છે. જેમાં એક મહિલા દ્વારા દાહોદ શહેરમાં રહેતા અંદાજે ૧૨થી વધુ વ્યક્તિઓને ઈરાક દેશ માં કરબલા દરગાહ પર લઈ જવા માટે લોભ લાલચ આપી વ્યક્તિઓ પાસેથી કુલ રૂપિયા ૧૨,૭૩,૦૦૦/– પડાવી લઇ કરબલા ખાતે નહીં લઈ જઈ પોતાના મકાનને તાળું મારી મહિલા ફરાર થઈ જતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

દાહોદ શહેરમાં જમાતખાના જૈનબ હોલ ની સામે રેતી સકિના બેન મોહમ્મદભાઈ કુરબાનહુસેન દુધિયાવાલા દ્વારા દાહોદ શહેરમાં એમજી રોડ ખાતે ઉચવાણીયા રોડ પાસે રહેતા મુનીરાબેન બુરહાનભાઈ રોશનભાઈ મનાગોરી વ્હોરા તથા તેમના સાસુ છોકરા તથા માતાને તથા અન્ય વ્યક્તિઓને ઈરાક દેશમાં કરબલા દરગાહ ઉપર લઈ જવા માટે પાકો ભરોસો અને વિશ્વાસ આપ્યો હતો. આ માટે સકિના બેન દ્વારા મુનીરા બેન પાસેથી રૂપિયા ૧,૪૩,૦૦૦ તથા અન્ય વ્યક્તિઓ પાસેથી મળી કુલ રૂપિયા ૧૨,૭૩,૦૦૦ તારીખ ૨૪ મી ફેબ્રુઆરી ૨૦૨૦ થી તારીખ ૨૮ મી જાન્યુઆરી ૨૦૨૦ ના સમયગાળા દરમિયાન લઈ લીધા હતા અને ઈરાક દેશમાં કરબલા ખાતે આજ દિન સુધી નહીં લઈ જઈ અને આખરે સકિના બેન દુધિયાવાલાએ પોતાના મકાનને તાળું મારી નાસી જતા અને ઉપરોક્ત વ્યક્તિઓ સાથે વિશ્વાસઘાત છેતરપિંડી કરતાં આ સંબંધે મુનીરાબેન બુરહાનભાઈ રોશનભાઈ મનાગોરી વ્હોરા દ્વારા દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધાનપુરની પીપરગોટા ગામે તુફાન ગાડી માંથી ૨.૮૦ લાખનો દારૂ ઝડપ્યો

દાહોદ, દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના પીપરગોટા ગામેથી પોલીસે એક તુફાન ફોરવીલ ગાડી માંથી રૂપિયા ૨,૮૦,૮૦૦ના પ્રોહી જથ્થા સાથે ગાડી ની કિંમત મળી કુલ રૂપિયા ૬,૭૨,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. જ્યારે વિદેશી દારૂની હેરાફેરીમાં છ જેટલા ઈસમો નાસી જવામાં સફળ રહ્યા છે.

ગત તારીખ ૧ એપ્રિલના રોજ ધાનપુર પોલીસ પીપરગોટા ગામે નાકાબંધી કરી આવતા જતા તમામ નાનામોટા વાહનોની તપાસ હાથ ધરી રહી હતી. તે સમયે બાતમી માં દર્શાવેલ એક તુફાન ફોરવીલ ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને નજીક આવતાની સાથે તેને રોકવાની કોશિશ કરતા ગાડીમાં સવાર રાહુલભાઈ મગનભાઈ માવી, સિંનટોસ રાવત પોપટભાઈ ભુરીયા, રાજુભાઈ માવી, ધીરજભાઈ ભાભોર વિગેરે પોલીસને જોઈ નાસી ગયા હતા. પોલીસે ગાડીની તલાશી લેતાં તેમાંથી વિદેશી દારૂની કુલ બોટલો નંગ. ૨૧૬૦ કિંમત રૂપિયા ૨,૮૦,૮૦૦ ના પ્રોહીબીશન જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂપિયા ૬,૭૨,૦૦૦ નો મુદ્દામાલ કબજે કરી ધાનપુર પોલીસે ઉપરોક્ત તમામ ઈસમો વિરૂદ્ધ પ્રોહિબિશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સંજેલીના નેનકી ગામે બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી ૯૫ હજારની મતાની ચોરી કરી

દાહોદ, દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના નેનકી ગામે અજાણ્યા ચોર ઈસમોએ દ્વારા એક બંધ મકાનને નિશાન બનાવી તિજોરી તોડી તેમાંથી રોકડા રૂપિયા તેમજ સોના ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૯૫,૦૦૦/– ની મત્તાનો હાથફેરો કરી તસ્કરો નાસી જતા પોલીસે તપાસ હાથ ધરી છે.

ગત તારીખ ૩૦મી માર્ચ ના રોજ સંજેલી તાલુકાના નેનકી ગામે પાટડીયા ફળિયામાં રહેતા ચંદ્રકાંતભાઈ રામુભાઈ પલાસ તથા તેમના પરિવારજનો કોઈ કામકાજ અર્થે બહારગામ ગયા હતા અને પોતાના મકાનને તાળું માર્યું હતું. ત્યારે રાત્રિના સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમો દ્વારા પોતાનો કસબ અજમાવી મકાનના દરવાજાનું તાળું તોડી મકાન મૂકી રાખેલ તિજોરી તોડી અંદરથી રોકડા રૂપિયા ૨૦,૦૦૦ તથા સોનાનું મંગળસૂત્ર, સોનાનો દોરો કાનની શેરો, વીંટી વિગેરે મળી કુલ રૂપિયા ૯૫,૦૦૦/– નો હાથફેરો કરી તસ્કરો નાસી આ સંબંધે ચંદ્રકાંતભાઈ પલાસ દ્વારા સંજેલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સંતરામપુર નગરના સત્યપ્રકાશ સોસાયટીમાં ખુલ્લા પ્લોટમાં નાખતો કચરો રખડતા પશુઓ માટે જોખમકારક



સંતરામપુર, સંતરામપુર નગરપાલિકા દ્વારા આખા ગામનો કચરો સત્યપ્રકાશ સોસાયટીમાં ખુલ્લા પ્લોટમાં ઠાલવવામાં આવી રહ્યો છે અને સફાઈ કામદારો દ્વારા દરેક પ્રકારનો કચરો અહીંયા જ નાખવામાં આવે છે. જ્યારે કચરો નાખતા તૈયારીમાં આખો દિવસ રખડતા પશુઓ અહીંયા ભેગા થઈને પ્લાસ્ટિક અને અન્ય ચીજ વસ્તુઓ ખાતા હોય છે. જેના કારણે પશુઓ માટે જીવનો જોખમ ઉભુ થયું છે. ખુલ્લા પ્લોટમાં સંખ્યાબંધ અલગ અલગ પ્રકારની પ્લાસ્ટિકો હલાવવાથી અને તેને સંખ્યામાં પશુઓ મોમા વાગોળતા હોય છે પછી કલાક બે કલાક પછી ફરીથી બહાર કાઢતી હોય છે. આ રીતે રખડતા પશુઓ માટે ખુલ્લા પ્લોટ નંબર હાલો કચરો જોખમકારક ઉભો થયેલો છે. સૌથી વધારે પ્લાસ્ટિક જોવા મળતી હોય છે. સ્થાનિક રહીશોની માંગણી છે કે, રખડતાં પશુઓને નુકશાનના થાય અને જીવ જોખમમાં મુકાય પ્લાસ્ટિક ખુલ્લામાં ના નખાય જેથી કરીને પશુનો જીવ બચી શકે છે અને આરોગ્ય માટે પણ સૌથી મોટો હાનિકારક ઉભો થયો છે. એક બાજુ નગરપાલિકા પ્લાસ્ટિક બંધ કરાવે છે. જ્યારે બીજી બાજુ પ્લાસ્ટિકનો ઢગલા ખુલ્લામાં જોવા મળેલા છે.

# સંતરામપુર તાલુકા / શહેર કોંગ્રેસ દ્વારા ભાજપ સરકારના રાજ મોંઘવારીના વિરોધમાં ધારણા પ્રદર્શન


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, મહીસાગર જિલ્લા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ હરજીવનભાઈ પટેલ, સંતરામપુર તાલુકાના પ્રમુખ જયકરભાઈ પુરોહિત, સંતરામપુર શહેર કોંગ્રેસ પ્રમુખ દિપેશ પ્રજાપતિ માજી ધારાસભ્ય જી.એમ. ડામોર, ભરતભાઈ ડીંડોર, મણીબેન ડામોર, કોકિલાબેન ડામોર, યુથ કોંગ્રેસ પ્રમુખ પવન ડામોર, નગરપાલિકાના વિરોધ પક્ષ નેતા મનુભાઈ વણકર, માલિક અરબ, શનાભાઈ તાવીયાડ, નાથુભાઈ તડવી જાવેદભાઈ શહેરવાળા વગેરે કાર્યકર મિત્રોએ સુત્રોચાર કરી વિરોધ પ્રદર્શન કરેલ હતું.


નર્મદા જિલ્લામાં નાયબ કલેક્ટર નિલેશ દુબેની CISF ના અધિકારી સાથેની ઓડિયો રેકોર્ડિંગ વાયરલ થયો. જેમાં કુંઠિત પૂર્વાગ્રદર્શાવતા હોય તેવા શબ્દોના કારણે આદિવાસી સમાજમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. તેના સંદર્ભમાં આજે દાહોદ ગોધરા રોડ નાકા પર પૂતળા દહન કરવામાં આવ્યું. તેમા જિલ્લા BTP પ્રમુખ દેવેન્દ્ર મેડા, દાહોદ તાલુકા BTP સોશિયલ મીડિયા પ્રભારી ક્રિષ્ના ચારેલ, દાહોદ તાલુકા BTTS કાર્યકર્તા વિનોદ ડામોર, સીંગવડ BTP ઉપપ્રમુખ સુરેશભાઈ મકવાણા, લીમખેડા સામાજિક કાર્યકર્તા રાકેશભાઈ કટારા તથા આદિવાસી સમાજના યુવાઓ હાજર રહ્યા.

# પીપલોદમાં મોટીઝરી પાસે પીવાના પાણીની પાઈપલાઈનમાં ભંગાણ થતા પાણીનો વેડફાટ

પીપલોદ, મોટીઝરીમાંથી પસાર થતી પીવાના પાણીની મુખ્ય પાઈપલાઈનમાં મોટુ ભંગાણ હોવાથી બપોરે ઓચિંતા પાણી શરૂ થતાં પાણી હાઈવે રોડ ક્રોસ કરી નજીક ખેતરોમાં ફરી વળ્યા હતા. રોડ ઉપર પાણી વહીને જતા ઉનાળામાં જાણે કે ચોમાસુ હોય તેમ જણાયુ હતુ. પાણીનો વેડફાટ થયો હતો છતાં પણ જવાબદાર તંત્રએ કોઈ દરકાર લીધી ન હતી. દે.બારીઆ તાલુકાના દરેક ગામડામાં પીવાના પાણી ઘરે ઘરે આપવા માટે સરકારની નલ સે જલ યોજના અમલમાં મુકાઈ છે. જે માટે દરેક ગામડામાં પાણીના સંપ અને કુવાની કામગીરી પુર્ણ થઈ ચુકી છે. હાલમાં માત્ર ગામડામાં ઘરે ઘરે પાણી લઈ જવા માટે પાઈપલાઈનની કામગીરી ચાલુ છે. મોટીઝરી ગામ ખાતે પુર્વ રાજયમંત્રી ખાબડના હસ્તે રૂ.૪૯ લાખ ઉપરાંતની યોજનાનુ વીસેક દિવસ પહેલા નલ સે જલ યોજનાનુ ખાતામુર્હુત કરાયુ હતુ. હાલમાં આ યોજનાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે અને ગામમાં દરેક ઘરે નળનુ જોડાણ આપવા મુખ્ય લાઈનનુ ખોદકામ કરી પાઈપ ફિટીંગ પણ પુરી થતા ઘરે ઘરે લાઈન અપાઈ રહી છે.

# ઝાલોદના ધાવડીયા ગામે ડાકણના વ્હેમ થી મહિલાના ઘર ઉપર પથ્થર મારો કરી ધીંગાણું મચાવ્યું

દાહોદ, દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ધાવડિયા ગામ એ મહિલા સહિત ચાર જેટલા ઈસમોએ ડાકણ હોવાનો વહેમ રાખી એક વ્યક્તિના ઘરે આવી મહિલા સહિત બે જણાને મારી તેમજ ઘર પર પથ્થરમારો કરી ઘરના નળીયા તોડી નાખી ભારે ધિંગાણું મચાવતા પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે. ગત તારીખ ૩૧મી માર્ચના રોજ ધાવડિયા ગામએ રહેતા સુરસીંગભાઈ લુજાભાઈ, વિજયભાઈ સુરસીંગભાઈ, નરેશભાઈ સુરસીંગભાઈ અને નંદાબેન સુરસીંગભાઈ ચારે જાતે ભાભોરનાઓએ ભેગા મળી પોતાના ગામમાં રહેતા શૈલેષભાઈ રમસુભાઈ ભાભોરના ઘરે આવ્યા હતા અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલા કે લલીતાબેન તું ડાકણ છે અને અમારા છોકરાને ખાઈ ગયેલ છે, તેમ કહી પથ્થરમારો કર્યો હતો. જેને પગલે લલીતાબેનને માથાના પાછળના ભાગે ઈજા પહોંચી હતી અને રમસુભાઈને લાકડી વડે બરડાના ભાગે માર મારતા તેઓને પણ ઈજાઓ પહોંચાડી, આજે તો બચી ગયા છો હવે પછી અમારા માણસને કોઈ નુકસાન થશે તો મારી નાખીશ, તેવી ધમકી આપી શૈલેષભાઈના ઘર ઉપર ભારે પથ્થરમારો કરી ઘરના નળીયા તોડી નાંખી નુકશાન પહોંચાડતા આ સંબંધે શૈલેષભાઈ રમસુભાઈ ભાભોરે ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદના લકેસોરીના મંદિર ખાતે મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ દર્શન માટે આવ્યા


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, દાહોદ શહેર થી પાંચ થી સાત કિલોમીટર દૂર માતા લકેસોરીનું મંદિર આવેલ છે. હાલમાં ચૈત્રી નવરાત્રી હોવાના કારણે દાહોદ, દાહોદની આજુબાજુના ગામના લોકો પગપાળા ચાલીને દર્શન કરવા જતા હોય છે. એમા મહિલા પુરૂષ અને બાળકો પણ ચાલીને મોટી સંખ્યામાં જતા હોય છે. શ્રદ્ધાળુ પોતાની માનતા માને છે અને તેમની માનતા પૂરી થતી હોય છે એના કારણે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ પહોંચતા હોય છે. ચૈત્રી નવરાત્રીના નવ દિવસ શ્રદ્ધાળુ એ પોતાની માનતાઓ પૂરી કરવા મોટી સંખ્યામાં લોકો પહોંચતા હોય છે. દાહોદ નજીક લકેસોરી માતા મંદિરમાં શ્રદ્ધા પૂર્વક માનતા માનવામાં આવે છે. પોતાની માનતાઓ પૂરી થતી હોય છે. એવું એના લોકોમાં ચર્ચાતું હોય છે. તો દર રવિવારે પણ દાહોદ થી મોટી સંખ્યામાં લોકો જતા હોય છે.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે મોજ મસ્તીવાળો રહેશે અને આજે તમે તમારા પરિવારમાં જ મસ્ત રહેશો. કોઈ પણ વિરોધીની નિંદા તરફ ધ્યાન ન આપીને તમારૂ કામ કરતા રહો. આગળ જતા સફળતા મળશે.

વૃષભ : આજનો દિવસ દોડધામમાં પસાર થશે. ક્યારેક સંતાનો સાથે સંકળાયેલી સમસ્યાઓના સમાધાન માટે મહેનત કરશો તો ક્યારેક મિત્રોના કોઈ કામથી જવાનું થઈ શકે છે

મિથુન : આજનો દિવસ સુખદ જણાઈ રહ્યો છે. નોકરી અને વ્યવસાય સાથે જોડાયેલી સમસ્યાઓનું સમાધાન થશે અને તમે પ્રગતિ કરી શકશો. આજે તમને મિત્રોનો સાથ મળશે

કર્ક : આજના દિવસે તમારે ખૂબ જ મહેનત કરવી પડી શકે છે. જો તમે વેપારી છો તો આજે તમારે બિનજરૂરી વધારે પડતો શ્રમ કરવો પડી શકે છે. જો તમે સરકારી નોકરી કરો છો તો કામ વધારે કરવું પડી શકે છે.

સિંહ : આજનો દિવસ તમારા માટે મિશ્રિત ફળદાયક છે. મોટા અધિકારી સાથે વિવાદ થઈ શકે છે અને તમને નુકસાન થઈ શકે છે. નવા સંબંધો બનવાથી તમારૂ નસીબ ચમકી શકે છે અને સમાજમાં સન્માન મળશે.

કન્યા : આજનો દિવસ ઉત્તમ થવા જઈ રહ્યો છે. આજે તમને ક્યાંક અટવાયેલા રૂપિયા મળવાની આશા દેખાઈ રહી છે. જેનાથી તમારો વિશ્વાસ ધર્મ અને આધ્યાત્મિકતામાં વધશે. રોજિંદા કામકાજમાં બેદરકારી ના રાખશો, નહીં તો લેવાના દેવા પડી શકે છે.

તુલા : આજે ઓફિસમાં અધિકારીઓ પણ તમારા કામના વખાણ કરવામાં પાછી પાની નહી કરે. જો તમે વેપાર કરો છો તો આજે ગ્રાહકોની ભારે ભીડથી તમારી દુકાન ભરેલી રહેશે. વાહન, જમીન ખરીદી, સ્થળ પરિવર્તનનો સુખદ સંયોગ પણ બની શકે છે.

વૃશ્ચિક : આજે કાર્ય ક્ષેત્રમાં તમારા વરિષ્ઠ અધિકારીઓ સાથે વિવાદ થઈ શકે છે. કામમાં બેદરકારી રાખવાથી આવું થઈ શકે છે. દાંપત્ય જીવનમાં મધુરતા રહેશે અને જીવનસાથીની તરફથી મોરલ સપોર્ટ મળશે.

ધનુ : આજે કોઈ કારણોસર તમે માનસિક રીતે વ્યસ્ત રહેશો. આજનો દિવસ કોઈ પણ પ્રકારની અશાંતિમાં પસાર થશે. ઉચ્ચ અધિકારીઓ સાથે સારો સંબંધ બંધાશે. આજે કોઈ પણ પ્રકારના નિરાશાજન વિચારોથી બચીને રહેજો.

મકર : આજનો દિવસ તમારા માટે ખાસ છે. આજે કોઈ પણ પ્રકારના વિવાદોથી દૂર રહેવાની જરૂર છે. પરિવારના લોકો તમારો સાથ આપશે અને નસીબના કારણે આજે તમને કરિયરમાં પણ શુભ તક મળી શકે છે.

કુંભ : આજે તમારો દિવસ મિશ્રિત રહેશે અને કોઈ મામલે લાભ તો કોઈ મામલે નુકસાન થઈ શકે છે. આજે ઓફિસમાં તમારા પદ અને અધિકારોમાં વધારો થઈ શકે છે. તો ઘર અને પરિવારમાં આજે કેટલીક એવી મુશ્કેલીઓ આવી શકે છે

મીન : આજનો દિવસ મહેનત કરીને પરિણામ મેળવવા માટેનો દિવસ છે. આજે પરિવારના લોકો તમારી મદદ કરશે અને તમારૂ નસીબ તમને સાથ આપશે. પરિવારમાં કોઈ માંગલિક કાર્યોથી ખુશીઓ આવશે. આજે કોઈ પ્રકારના રચનાત્મક કાર્યોમાં મન લાગેલું રહેશે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


## મોંઘવારી મુદ્દે દાહોદ કોંગ્રેસે અનોખો વિરોધ પ્રદર્શન કર્યો મોંઘવારીની અર્થી કાઢી વિરોધ કરાયો

દાહોદ,

ભાવ વધારાએ ગરીબ અને મધ્યમ વર્ગીય પરીવારોની કમર તોડી નાખી છે. દિન પ્રતિદિન વધી રહેલા ભાવ વધારાને લઈને આમ આદમીનું જીવવું મુશ્કેલ બની ગયું છે. ત્યારે ગરીબ પરીવારોને ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે. શાકભાજી ફળો ફરસાણ તેલ ઘી જેવી જીવન જરૂરિયાતની બધી વસ્તુઓના ભાવ વધતા જાય છે. ત્યારે છેલ્લા ૮ થી ૧૦ દિવસોથી પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં ભાવ વધારો થાય છે. પેટ્રોલે ફરી પાછી સેન્ચુરી પાર કરી નાખી છે. ત્યારે ખાદ્યય ચીજ વસ્તુઓના ભાવ આસમાને પહોંચી ચુક્યા છે. ત્યારે મોંઘવારી ઓછી કરવા માટે કોંગ્રેસે સરકાર સામે રણસિંગું ફૂંક્યું છે. તેને લઈને આજરોજ દાહોદ નગરપાલિકા ચોક ખાતે દાહોદ જિલ્લા કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો હતો. જેમાં કોંગ્રેસે ગેસના બોટલો મૂકી તેલના ખાલી ડબ્બા મૂકી અને મોંઘવારીની અર્થી બનાવી તેની આગળ બેસી કેન્દ્ર અને રાજ્ય સરકારના વિરોધમાં નારેબાજી કરી ભારે વિરોધ કરાયો હતો. જેમાં દાહોદ કોંગ્રેસે આજે પહેલી વખત વધુ સમય સુધી હાજર રહી એકજ જગ્યાએ ઉભા રહી સરકાર સામે મોંઘવારીના વિરોધમાં વિરોધ પ્રદર્શિત કરાયો હતો. જેમાં જેમાં કોંગ્રેસના હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓએ મોંઘવારીની અર્થી કાઢી રસ્તા વચ્ચે લાવી રોડ ઉપર બેસી કોંગ્રેસની મહિલાઓએ પણ સરકાર સામે વિરોધ નોંધાવી સરકારી વિરોધી નારા મારી મોંઘવારી ઓછી કરવા માટે કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર સામે વિરોધ પ્રદર્શિત કરાયો હતો અને છેલ્લે દાહોદ પોલીસે કોંગ્રેસી કાર્યકરોની અટકાયત કરતા પોલીસ અને કાર્યકર્તાઓ વચ્ચે ખેંચતાણ ના દ્રશ્યો સર્જાયા હતા અને પોલીસે કેટલાક કોંગ્રેસી કાર્યકર્તાઓની અટકાયત કરી પોલીસ મથકે લઈ જવાયા હતા. જોકે, મહિલાઓની અટકાયત કરવામાં મહિલા પોલીસના હોવાના કારણે છેલ્લે સુધી કોંગ્રેસી મહિલાઓએ રોડ પર બેસી વિરોધ દર્શાવ્યો હતો. કોંગ્રેસનો વિરોધ આજે દાહોદના નગરપાલિકા ચોક ખાતે દોઢ થી બે કલાક સુધી ચાલ્યો હતો અને મોંઘવારી વિશે દાહોદ જિલ્લા કોંગ્રેસ દ્વારા ભારે વિરોધ કરાયો હતો.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

## ગરબાડા ખાતે આપ પાર્ટી દ્વારા રસ્તા પાણીની સુવિધાઓ પુરી પાડવામાં વામણી પુરવાર થયેલ સરકારના વિરોધમાં તિરંગા યાત્રા યોજાઈ



ગરબાડા,

ભ્રષ્ટાચાર મુક્ત ગરબાડા ના સંકલ્પ સાથે તેમજ ગરબાડા પંથકમાં રસ્તા પાણી જેવી પ્રથામિક સુવિધાઓ પુરી પાડવામાં વામણા પુરવાર થયેલા ભાજપ કોંગ્રેસના થયેલા ભ્રસ્ટાચાર સહિતના આક્ષેપો કરી આમ આદમી પાર્ટી દ્વારા તિરંગા યાત્રા કાઢવામાં આવી હતી.

આગામી સમયમાં આવી રહેલા વિધાનસભાની ચૂંટણીને ધ્યાને લઈને દિલ્હી બાદ પંજાબમાં પ્રચંડ બહુમતના વિજય બાદ ગુજરાતમાં પણ આમ આદમી પાર્ટી દ્વારા તૈયારીઓ જોર શોરથી શરૂ કરી દેવામાં આવી છે. ત્યારે આમ આદમી પાર્ટી દ્વારા ભ્રષ્ટાચાર મુકત ભારત ભ્રષ્ટાચાર મુકત ગુજરાત તેમજ ભ્રષ્ટાચાર મુક્ત ગરબાડાના સંકલ્પ સાથે આજરોજ ગરબાડા પંથકમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગરબાડા વિધાન સભાના પ્રભારી હાર્દિક સોલંકી, આપ દાહોદ જિલ્લા સહ સંગઠન મંત્રી મહેસુલભાઈ માવી, આપ ગરબાડા પ્રમુખ ગોરધનભાઈ મંડોડ, આપ ગરબાડા મહામંત્રી સોમસિંગ બારીયા, યુવા પ્રમુખ કોશિકભાઈ બામણીયા તેમજ તાલુંકાના કાર્યકર્તાઓની ઉપસ્તિથીમાં ગરબાડા મુકામે તિરંગા યાત્રા કાઢવામાં આવી હતી. અંદાજે ૫૦ જેટલી બાઈકો સાથે નીકળેલી તિરંગા યાત્રા ગરબાડા ગામમાં ફરી હતી. તે બાદ વિધાનસભાના પ્રભારી હાર્દિક સોલંકીએ જણાવ્યું હતું કે, દિલ્હી બદલ્યું છે. પંજાબ બદલ્યું છે. હવે ગુજરાતનો વારો છે. ગરબાડા પંથકમાં પીવાના પાણીની સમસ્યા છે. રસ્તાઓમાં ખાડા પડેલા છે. ત્યારે ભાજપ અને કોંગ્રેસ ભ્રષ્ટાચારી છે. તેવા આક્ષેપો સાથે ગરબાડા ગામમાં જ તિરંગા યાત્રાનું સમાપન કરવામાં આવ્યું હતું.

## રોઝાની ફઝીલત

આ માસમાં જે વ્યકિતએ ઈમાન અને સવાબ પ્રાપ્તિની દ્રષ્ટિએ રોઝા રાખ્યા એના આગલા બધાં જ ગુનાઓ માફ કરી દેવામાં આવશે. જે માણસે કોઈ રોઝદારને ઈફ્તાર કરાવ્યો તો એના ગુનાઓ માફ થશે અને અને જહન્નત થી નજાત મળશે વળી એ રીતે જ એના સવાલમાં કમી થયા વિના ઈફ્તાર કરાવનારને પણ પૂણ્ય મળશે.

આપ હજરત સલ્લલ્લા હો અલય હે વઆલેહિ વસલ્લમે ફરમાવ્યું છે. રોઝદારની દુઆ ઈફતારના સમયે દર થતી નથી. હઝરતે આયશા સિદ્દીકા રહિયલ્લાહો તઆલા અન્હાથી રીવાયત છે કે જ્યારે રમઝાનના અંતિમ દસ દિવસ આવતા તો હુઝુર સલ્લલ્લાહો અલય હે વઆલેહિ વસલ્લમ પોતાની કમરને મજબુત બાંધતા અને પોતાના સગા સ્નેહીઓને જગાડી સમગ્ર રાત્રી ઈબાદતમાં રચ્યા-પચ્યા રહેવાનો અનુરોધ કરતા.

– રહમતનો થાળ –

આ માસમાં દરરોજ એક -એક ફરિશતો અક-એક મોમીન સમક્ષ રહમતનો થાળ લઈ ઉભો રહે છે અને જ્યારે એ ઈફતાર કરે છે. ત્યારે એના માથે થાળ ઉંધો કરી દે છે. ( બ હવાલા તોહ-ફ-એ રમઝાન શરીફ પાન.૯-૧૦)

તા. ૦૪/૦૪/૨૨ સોમવાર વકત<br>
૧૪૪૩ હિજરી ચાંદ-૧<br>
વકતે શહેરી ૫-૩૦<br>
વકતે ઈફતારી ૬-૫૬<br>
નોંધ :- આ ટાઈમ પંચમહાલ અને દાહોદ જીલ્લા પુરતો છે.

## દે.બારીયા શહેરમાં સટ્ટા બેટીંગની પ્રવૃતિ શરૂ થઈ પોલીસ નિષ્ક્રીય લાચાર કેમ છે...?

દે.બારીયા,

આઈ.પી.એલ. એટલે ઈન્ડીયન પ્રીમીયર લીગ ૧૫ની ગયા શનિવાર થી શરૂ થયેલ છે. જેને લઈને ક્રિકેટ પ્રેમીઓ કરતા સટ્ટાની પ્રવૃતિ કરનારા બુકીમાં આસ્સો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સ્થાનિક અને જીલ્લાની પોલીસ સાથે કથીત ગોઠવણ થઈ ચૂકી છે. જેથી શહેરના બુકીઓ સક્રિય થયેલા જોવા મળે છે. મેચ શરૂ થતા પહેલા ટોસ કોણ જીતે છે તેમજ ચેક કોણ જીતશે તેના ઉપર સટ્ટો ખેલાતો હોય છે. શહેરના પરા અને અંતરીયાળના વિસ્તારોમાં સટ્ટો લેવાતો હોય છે. આ બાબતે સ્થાનિક પોલીસ શું આંખ આડા કાન કરી રહી છે. આ સટ્ટા ખોરીમાં દે.બારીયામાં બે ખીલાવાળા સક્રિય થયા છે. એક મટકા બેટીંગનો સટ્ટોડીયો બીજો આઈ.પી.એલ. મેચોની પ્રવૃતિ ધમધમી ઉડી છે. મેચનો ટોચ ઉછળે છે. ત્યારથી જુગારીયાઓ બે બાકળા બનીને આમ તેમ ફરતા જોવા મળી રહ્યા છે. કોણ બેટીંગમાં આવશે, કોણ મેચ જીતવાના છે. એકના ત્રણનો ભાવ, એકના બેનો ભાવ ઉપર સટ્ટો રમતો હોય છે. આના માટે બુકીઓ લાખ્ખોનું ભરણ આપવામાં ખચકાતા નથી. તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે.

મળતી માહિતી અનુસાર જે મુજબ દારૂના બુટલેગરો પાસેથી ભરણ વસુલાય છે. તે પ્રમાણે સટ્ટા બેટીંગ અને ક્રિકેટના બુકીઓ પ્રવૃતિ કરવા માટે આ ગેરકાનુની ધંધામાં લાખ્ખોની મલાઈ મળી રહી છે. અને આ ગેરકાનુની ધંધાનું નેટકર્વ દુબઈથી સંચાલીત થઈ રહ્યું છે. તેવું આમ જનતામાં ચર્ચાનો વિષય બન્યો છે.

શહેર અને જીલ્લાની પોલીસના અગાઉ ચોપડે ચડેલા નામચીન સટોડીયા અને ખીલા ચલાવનારા બુકીઓના નામ જાણ બહાર છે કે શું..? ના આ બન્ને ખીલાવાળા સ્થાનિક તથા જીલ્લામાં માંગ મુજબ ભરણ આપતા હોય તો બિન્દાસ્ત રીતે ગેરકાનુની બંદીઓ ધમધમી રહી છે. તેવું ટોક ઓફ ધ ટાઉન બનવા પામ્યું છે કે બુકીઓને નકકી કાર્યવાહી ન કરાતા બુકીઓને મોકળું મેદાન મળી ગયું છે.

## દે.બારીયા તાલુકાના પીપલોદ ગામે ચાલતા પેટ્રોલપંપ ઉપર CCTV કેમેરા બંધ હાલતમાં : ગ્રાહકો સાથે ફૂટેજ માટે થતી લમણાંઝીક

દાહોદ,

પ્રાપ્ત વિગતો મુજબ દેવગઢબારીયા તાલુકા ના પીપલોદ ગામે હાલમાં ત્રણ જેટલાં પેટ્રોલપંપ ઉપર પેટ્રોલ અને ડીઝલ નું વેચાણ થઈ રહ્યું છે. દાહોદ જિલ્લા પુરવઠા વિભાગ તેમજ જિલ્લા કલેકટરનાઓના પરિપત્ર મુજબ જે તે સંચાલકે તેનું વહીવટી સંચાલન અને ગ્રાહકોની સેવાઓ પુરી પાડવું તેમની ફરજ છે. ગ્રાહકોને પેટ્રોલ અથવા ડીઝલ ભેળસેળ વાળું અથવા ઓછું મળતું હોય તો ગ્રાહકોને જરૂરી કોઈપણ કચેરીનો નંબર, ફરિયાદ પેટી, ભાવપત્રક, સીસીટીવી કેમેરા, સૌચાલય અને પીવાના પાણીની વ્યવસ્થા રાખવી જરૂરી છે. ત્યારે પીપલોદ પોલીસ મથકની પાસે અડીને આવેલા પેટ્રોલપંપ ઉપર આ બધી સુવિધાઓ વામણી પુરવાર થઈ છે.

તા.૨૮/૩/૨૦૨૨ ના રોજ લીમખેડા તાલુકાના પ્રતાપપુરા ગામના ડામોર રાજુ ફતેસિંહ પોતાના કબ્જાની મહિન્દ્રા સ્કોર્પિયો એસ ૧૦ જેનો ગાડી નંબર GJ17BA4720 સાંજે પાંચ વાગે ગાડીમાં ડીઝલ ભરાવવા માટે ગયેલ અને ગાડીમાં ડીઝલ ભરાવી પોતે સામાજિક પ્રસંગમાં જવાનું હોવાથી ત્યાંથી જતા રહેલ અને બીજા દિવસે જોયેલ તો ડીઝલ ટાંકીનું ઢાંકણું નહીં હોય જે પેટ્રોલપંપ ઉપર ડીઝલ ભર્યું હતું. ત્યાં ગયેલ અને જણાવેલ કે મારી ગાડી સ્કોર્પિઓમાં ડીઝલ ભર્યા પછી તેનું ઢાંકણું અહીંયા રહી ગયેલ છે. તો તમે મને આ ઢાંકણ પરત આપશો જેથી પંપ સંચાલકે કહેલ કે અહીંયા કોઈ ઢાંકણ તમારૂં નથી. ડીઝલ ભરાવેલ બિલ પણ બતાવેલ છત્તાપણ તેમની વસ્તુ નહીં મળતા નજીક ના પીપલોદ પોલીસ મથકે ગાડી માલિક અને પંપ સંચાલક ગયેલ અને હકીકત જણાવતા પંપ સંચાલકે કહેલ કે અમે સીસીટીવી કેમેરામાં ચેક કરી અને જોઈ લઈશુ અને જો હશે તો તમને ઢાંકણ મળી જશે. હવે બે દિવસ પછી ફરીથી પેટ્રોલપંપ ઉપર જઈને પોતાની વસ્તુની ખરાઈ કરી માંગણી કરતા જણાવ્યું હતું કે, અમારા કેમેરા ચાલતા નથી. તમારે જે ફરિયાદ જ્યા કરવું હોય તો કરી દેજો અમે જવાબ આપી દઈશુ. આમ, દેવગઢબારીયાના પીપલોદ ગામે ચાલતા પેટ્રોલપંપ ઉપર સીસીટીવી કેમેરા કાર્યરત કરવા ગ્રાહકોની માંગ છે.

## દાહોદ ના ટોપી હોલ ખાતે દાહોદ જિલ્લા ભારતીય પત્રકાર સંઘ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદના ટોપી હોલ ખાતે દાહોદ જિલ્લા ભારતીય પત્રકાર સંઘ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરાયું હતું. કાર્યક્રમમાં કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી, જિલ્લા વિકાસ અધિકારી નેહાકુમારી, જિલ્લા પોલીસ વડા હિતેશ જોયસર તેમજ ભારતીય પત્રકાર સંઘના પ્રદેશ પ્રમુખ મહોમ્મંદ હનીફ ચોથીઆ સહિતના મહાનુભાવો તેમજ જિલ્લાના પત્રકારો ઉપસ્થિત રહ્યાં હતા.

આ પ્રસંગે કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ જણાવ્યું કે, સમાજની સમસ્યાઓના નિરાકરણ માટે પત્રકારની ભૂમિકા ઘણી મહત્વની છે. પત્રકારો લોકપ્રશ્નોને વાચા આપે છે. વહીવટી તંત્ર દ્વારા પણ આ સમસ્યાઓના સત્વરે નિકાલ માટે જરૂરી પગલા લેવામાં આવે છે. તેમણે જિલ્લાના પત્રકારોની સહકાર સાથે કામ કરવાની ભાવનાને બિરદાવી હતી.

જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ જિલ્લાના પત્રકારોની સકારાત્મક ભૂમિકા વિશે વાત કરી હતી અને તંત્રની કામગીરીમાં સહકાર આપવા માટે ધન્યવાદ પાઠવ્યા હતા.

આ વેળાએ જિલ્લા પોલીસ વડા હિતેશ જોયસરે આધુનિક સમય અને ટેકનોલોજી સાથે જવાબદાર પત્રકારત્વ વિશે વાત કરી હતી.

ભારતીય પત્રકાર સંઘના પ્રદેશ પ્રમુખ મહોમ્મંદ હનીફ ચોથીઆએ પત્રકાર સંઘની કામગીરી વિશે વાત કરી હતી. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન દાહોદ જિલ્લા એઆઈજે પ્રમુખ ડો. ભૂપેન્દ્ર ચૌધરીએ કર્યું હતું અને ભારતીય પત્રકાર સંઘનો પરિચય આપ્યો હતો. તેમજ મંચ સંચાલન ઈરફાન મલેકે કર્યું હતું. આ વેળાએ એઆઈજે પ્રદેશ પ્રમુખ વિનોદ પંચાલ, જિલ્લા સંઘના વિવિધ હોદ્દેદારો તેમજ સોથી પણ વધુ પત્રકારો ઉપસ્થિત રહ્યાં હતા.

## દાહોદ જિલ્લામાં સ્પોર્ટ્સ કીટનું મહાકૌભાંડ

- સમગ્ર જિલ્લામાં એક જ એજન્સી દ્વારા પ્રાથમિક શાળાના આચાર્યોને ચેક માટે ફરજ પડાતી હોવાની બૂમ.
- જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં મુદ્દાની ચર્ચા છતાં પાણીનું નામ ભુ.

દાહોદ,

ભારત સરકાર, શિક્ષા મંત્રાલય દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે જે તે જિલ્લા ની સ્થાનિક પ્રચલિત રમતો માટે શાળા કક્ષાએ થી ખરીદી કરવા માટે જિલ્લાની તમામ શાળાઓના ખાતામાં સ્પોર્ટ્સ કીટ માટેની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. જેમાં , પ્રાથમિક શાળામાં ૫ હજાર તથા ઉચ્ચ પ્રાથમિક શાળામાં ૧૦ હજાર જેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. જે પૈકી દાહોદ જિલ્લાની કુલ ૧ કરોડ ૫૮ લાખ ૫૫ હજાર જેટલી રકમ જિલ્લા ની તમામ પ્રાથમિક શાળાના ખાતામાં નાખવામાં આવી હતી.

આ ગ્રાન્ટ નો ઉપયોગ શાળાની એસ.એમ.સી. કમિટી દ્વારા જ ઉપયોગ કરવામાં આવે તેવા નિયમ સાથે ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. તેમ છતાં જિલ્લાની તમામ શાળાઓમાં આ રમત ગમતના સાધનોની ખરીદી કરવા માટે એક જ એજન્સી દ્વારા જે તે શાળાએ જઈ અને સ્પોર્ટસ કીટ આપી અને કોરો ચેક લઈ લેવાની ફરજ પાડવામાં આવે છે અને આ માટે ઉચ્ચ અધિકારીની પણ સંડોવણી હોવાનું કહી અને એજન્સી દ્વારા મનમાની કરવામાં આવે છે. જિલ્લાની કેટલીક શાળાઓમાં આવું થતું હોવાની બૂમ ઉઠતા જ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મયુર પારેખ દ્વારા પણ આ અંગે ચોખવટ કરી અને નિયમો અનુસાર ખરીદી કરી અને ઉચ્ચ ગુણવત્તાવાળા સાધનો જ ખરીદવામાં આવે તેવું જણાવતો મેસેજ ફરતો કરવામાં આવ્યો હતો. તો કેટલાક તાલુકાઓના બી આર સી ભવન ખાતે જ આ કિટો ઉતારી અને આ કિટો નાં નાણાં ચેક સ્વરૂપે બી આર સી દ્વારા જ ઉઘરાવવામાં આવી રહ્યા છે. તો એજન્સી દ્વારા પણ પોતાની મનમાની ચલાવી અને આચાર્યોને ઓડિટ સમયે તકલીફ પડશે એવી ધમકીઓ આપી અને હલકી ગુણવત્તાની સ્પોર્ટ્સ કીટ પધરાવી અને ગેરરીતિ આચરવામાં આવે છે. જે અંગે કોઈ જ પગલાં લેવામાં આવી રહ્યા નથી.

આ અંગે શાળાના આચાર્યો સહિત કેટલાય વ્યક્તિઓ દ્વારા રજૂઆત કરવા છતાં કોઈ જ પગલાં લેવામાં ન આવતા આ મુદ્દો શિક્ષણ આલમ સહિત જિલ્લામાં ચર્ચાના ચકડોળે ચઢ્યો છે. ત્યારે આ બાબતે ઉચ્ચ તપાસ કરી અને શાળાનામાં ફાળવવા માં આવેલા સાધનોની ગુણવત્તા અને એજન્સી અંગે યોગ્ય પગલાં લેવાય તે ઈચ્છનીય છે.

## દાહોદમાં સીંધી સમાજ દ્વારા ચેટીચંદની ધામધૂમથી ઉજવણી કરી



દાહોદ,

ચેટીચંદ પર્વની તારીખ ૨જી એપ્રિલના રોજ દાહોદ શહેરમાં સિંધી સમાજ દ્વારા ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. સિંધી સમાજ દ્વારા ભગવાન ઝુલેલાલની જન્મ જયંતિ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભવ્ય શોભાયાત્રા પણ કાઢવામાં આવી હતી. સિંધી સમાજ દ્વારા ચેટીચંદ પર્વની ઉજવણી કરવામાં આવી.

તારીખ ૨ એપ્રિલને શનિવારના રોજ દાહોદ શહેરમાં સિંધી સમાજ, સિંધી શકિત ગ્રૃપ અને સ્વામી લીલાશાહ સિંધી સમાજ નવયુવક મંડળ, દાહોદ દ્વારા ચેટીચંદ પર્વની ધામધુમથી ઉજવણી કરનાર છે. ભગવાન ઝુલેલાલની શોભાયાત્રા સાંજે ૪ કલાકે દર વર્ષની જેમ આ વર્ષે પણ દાહોદ શહેરની આત્મનંદ સોસાયટી લક્ષ્મી મીલ, રેલ્વે સ્ટેશન રોડ, સિંધી સોસાયટી થઈ જુના કોર્ટ થી નગરપાલિકા, ભગીની સમાજ થઈ દેસાઈવાડ ચોક, છાબ તળાવ પર રાત્રે ૧૦.૩૦ કલાકે પુજા વિધી થનાર છે. આ પહેલા પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ઝુલેલાલ ભગવાનની પુજા સવારે ૮ કલાકે, હાજરી સવારે ૯.૩૦ કલાકે, નાસ્તો સવારે ૧૦ કલાકે, ભેરાણાની પુજા સવારે ૧૧.૦૦ કલાકે, મહા આરતી સવારે ૧૧.૩૦ કલાકે, પ્રસાદી (ભંડારો) બપોરના ૧૨.૦૦ થી ૨.૩૦ કલાક સુધી રાખવામાં આવેલ છે. આ ઉપરાંત આજરોજ તારીખ ૧ એપ્રિલના રોજ જલસો નવા વર્ષનો ભેરાણા રાત્રે ૯.૩૦ કલાકે, આતીશબાજી રાત્રે ૧૨.૦૦ કલાકે કરવામાં આવી હતી. દાહોદ સિંધી સમાજ દ્વારા ચેટીચંદ પર્વની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવા થનગનાટ પણ જોવા મળ્યો હતો. ચેટીચંદ પર્વ નિમિત્તે દાહોદ શહેર સહિત જિલ્લામાં મોટા ભાગના સિંધી સમાજ દ્વારા ચેટીચંદ પર્વ નિમિત્તે પોતાના વેપારીઓ પોતાના રોજગાર, ધંધા બંધ રાખનાર હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

## દાહોદ જીલ્લામાં ગઈકાલે સમી સાંજે આકાશ માંથી અદ્દભુત નજારો ઉલ્કા જેવા પદાર્થ જોવા મળતા કુતુહલતા

દાહોદ,

દાહોદ જિલ્લામાં ગત રોજ સમય સમી સાંજના સમયે અનેક વિસ્તારો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં અદભૂત કુદરતી નજારો જોવા મળ્યો હતો જેમાં આકાશમાંથી તૂટીને આવતો ઉલ્કા જેવો પદાર્થ જોવા મળતા લોકોમાં કુતૂહલ સર્જાયું હતું જેના પગલે લોકોમાં તરેહ તરેહની ચર્ચાએ પણ જોર પકડ્યું હતું.

બ્રહ્માંડમાં અસંખ્ય તારાઓ ઉલ્કાપિંડ ગ્રહો વિગેરે આવેલ છે આ ગ્રહો તેમજ ઉલ્કાપિંડ લઈને અને વૈજ્ઞાનિકો દ્વારા અનેક સંશોધનો પણ કરવામાં આવે છે. ભાગ્યે જ એવી ઘટનાઓ બનતી હોય છે. જેમાં ઉલ્કાપિંડને નરી આંખે જોઈ શકાય છે અને તેમાંય ખાસ કરીને આકાશમાંથી ઉલ્કાપિંડનું પડવું અને લોકોનું નિહાળવું તેવા દુનિયામાં ઘણા કિસ્સાઓ બનતા હોય છે. ત્યારે ગતરોજ દાહોદ જિલ્લામાં આકાશમાંથી ઉલ્કા જેવો પદાર્થ તૂટીને આવતો હોવાના દ્રશ્યો સમી સાંજના સમયે જોવાતા લોકોમાં આશ્ચર્ય સાથે કુતૂહલ સર્જાયું હતું. એમ પણ કહેવાય રહ્યું છે કે, આ તૂટીને આવતો ઉલ્કાપિંડ દાહોદ જિલ્લા સિવાય ભુજ, ભાવનગર,પંચમહાલ સહિત ગુજરાતના અનેક રાજ્યો તેમજ વિસ્તારોમાં પણ જોવા મળ્યો હતો અમુક સેકંડો માટે આકાશમાં આગ ઊગલતો ઉલ્કા જેવો પદાર્થ ધરતી તરફ આવતા જોવા મળ્યો હતો. આ ઘટનાને પગલે ખગોળશાસ્ત્રીઓના જણાવ્યા પ્રમાણે, ભવિષ્યમાં આવી ઘટનાઓ બની શકે છે. એંગલ ગતિ વગેરે જોતા ઉપગ્રહનો ભાગ હોવાની શકયતાઓ પણ વ્યકત કરવામાં આવી હતી. ઉપગ્રહમાંથી ભંગાર છૂટો પડયો હોવાનું પણ ખગોળશાસ્ત્રીઓનું કહેવું છે. ગુજરાતમાં આ પ્રકારની પ્રથમ ઘટના હોવાનું પણ કહેવાય રહ્યું છે.

## ક્ષય વિભાગના કર્મચારીઓની પડતર માંગણીને જન આંદોલન પત્રથી સમર્થન

દાહોદ,

ક્ષય વિભાગના કર્મચારીઓની પડતર માંગણીઓ અન્વયે ચાલતા આંદોલનમાં દર્દીઓ જનતા કરાવી કર્મચારીઓની વહારે જન આંદોલન પત્રોથી સમગ્ર ગુજરાતના આર.એન.ટી.સી.પી. કર્મચારી સંઘ દ્વારા પત્રોથી જવાબદારોને સમર્થન પત્ર આપવાનું નક્કી કરતા દાહોદ જિલ્લામાં પણ ૫૦૦થી વધુ પત્ર જવાબદારોને આપવામાં આવનાર હોવાનું જાણવા મળી રહ્યું છે.

ગુજરાત આર.એન.ટી.સી.પી. કરારબદ્ધ કર્મચારીઓએ પોતાની પડતર માંગણીઓ હોય ગાંધીનગર સ્થિત મિશન અને આરોગ્ય મંત્રી વિજય અને હું વારંવાર લેખિત રજૂઆતો કરવામાં આવી હતી અને દર્દીના હિતને ધ્યાનમાં રાખી પેન ડાઉન પ્રકારનાં આંદોલનો કરવામાં આવ્યા હતા તેમ છતાંય સંબંધિત દ્વારા ગંભીર નોંધ લેતા જેને કારણે ક્ષય વિભાગના કર્મચારીઓએ પોતાના ક્ષેત્રના સારવાર પર રહેલ સર્વર કોણ કરી ચૂકેલ દર્દી સહિત જન-જન સુધી રૂબરૂ મળી પોતાની વ્યથા વેદના પહોંચાડી હતી અને ક્ષય રોગની પીડાની ગંભીરતા અને છ વિભાગ ના કરાય કર્મચારીઓની સંભાળ વેદનાને ધ્યાને લઈ આ કર્મચારીઓની અપિલના સમર્થનમાં દર્દીઓ તેના પરિવારજનો અને જાગૃત નાગરિકો દ્વારા ઉચ્ચ સ્તરીય રજૂઆત પણ કરી હતી, પરંતુ તે રજુઆતોને પણ ધ્યાને ન લેતા આખરે કર્મચારીઓ દ્વારા જણાવ્યું હતું કે જો એક સપ્તાહમાં સંબંધિત અધિકારીઓ સકારાત્મક વલણ નહીં અપનાવે તો આગામી દિવસોમાં ગુજરાત સહિત દાહોદ જિલ્લાના કર્મચારીઓ આક્રમક આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

## દાહોદ જીલ્લામાં ૨૦ એપ્રિલના વડાપ્રધાન મોદીના આગમન પૂર્વ RPF ટુકડી તૈનાત કરાઈ



દાહોદ,

દાહોદ જિલ્લામાં આગામી તારીખ ૨૦ એપ્રિલના રોજ પ્રધાનમંત્રી મોદી ના આગમન પૂર્વે દાહોદ જિલ્લામાં આરપીએફની એક ટુકડી જિલ્લામાં ખડકી દેવામાં આવી છે. પ્રધાનમંત્રી મોદીના આગમનને પગલે લોકોમાં ભારે ઉત્સુકતા પણ જોવા મળી રહી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દાહોદ જિલ્લામાં તારીખ ૨૧મી એપ્રિલના રોજ આવવાના હોવાની ચર્ચા જામી હતી. ત્યારે શિડયુલ ચેન્જ થતા મોદી એક દિવસ પહેલા એટલે કે ૨૦મી એપ્રિલના રોજ દાહોદ જિલ્લામાં આવનાર હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે દાહોદ જિલ્લા વહીવટી તંત્ર સહિત રાજકીય પક્ષો દ્વારા મોદીના આગમનની તૈયારીઓમાં જોતરાઈ ગયા છે. ત્યારે બીજી તરફ સુરક્ષાને ધ્યાનમાં રાખી તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાણકારી માટે દાહોદ જિલ્લામાં આરપીએફની એક ટુકડી દાહોદ જિલ્લામાં ધામા નાખ્યા છે અને દાહોદ જિલ્લાના તમામ તાલુકાઓ તેમજ ગામોમાં ફ્લેગ માર્ચનું આયોજન પણ કરવામાં આવી રહ્યું છે. મોદીના આગમન પહેલા દાહોદ જિલ્લાના રાજકીય પક્ષો સહિત જિલ્લાવાસીઓમાં ભારે ઉત્સુકતા સાથે આનંદની લાગણી પણ જોવા મળી રહી છે.

## દાહોદ જીલ્લાની વડાપ્રધાનના કાર્યક્રમને લઈ જીલ્લા BJPની મીટીંગ મળી

દાહોદ,

ભારતીય જનતા પાર્ટી દાહોદ તાલુકાની બેઠક આગામી તા.૯/૪/૨૦૨૨ના રોજ આપણા લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દાહોદ તાલુકાની પાવનધરા પર પધારનાર છે.જેને લઈને આગામી કાર્યક્રમ તેમજ મોદીના કાર્યક્રમના ભાગરૂપે દાહોદ તાલુકા ભાજપ ની અગત્યની મીટીંગ તારીખ ૦૧ /૦૪ /૨૦૨૨ સવારે ૧૨:૦૦ કલાકે પ્રસંગ પાર્ટી પ્લોટ- ૨ દાહોદ ખાતે જિલ્લા ભાજપ અધ્યક્ષ શંકરભાઈ આમલીયારના અધ્યક્ષતાને મળી. જેમાં જિલ્લા ભાજપ મહામંત્રી કનૈયાલાલ કીશોરી, નરેન્દ્ર ભાઈ સોની, જિલ્લા ભાજપ મંત્રી ભરતસિંહ



સોલંકી, દાહોદ તાલુકા પ્રભારી અનીલ ભાઈ અગ્રવાલ, તાલુકા ભાજપ પ્રમુખ મુકેશભાઈ લબાના (ખચ્ચર), તાલુકાના હોદ્દેદારો, શકિત કેન્દ્ર સંયોજક, પ્રભારીઓ, મોરચાના પ્રમુખ મહામંત્રી, જિલ્લા મોરચાના હોદ્દેદારો, જિલ્લા પંચાયત સભ્યો, તાલુકા પંચાયત સભ્યો, સરપંચઓ, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા. મોદીના કાર્યક્રમમાં એક બુથમાંથી ૧૫૦ લોકોની સંખ્યાનું આયોજન માટે પત્રકો આપવામાં આવ્યા. સાથે સાથે શકિત કેન્દ્ર વાઈઝ બેઠક કરવાની, સક્રિય સભ્ય સંમેલન, સુપોષણ અભિયાન, વોલ પેઈન્ટિંગ, બુથ સમિતિ, પેજ સમિતિ આગામી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.187

